ક્રમાંક : ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૯/ ૫૬૫૨-૫૯૯૫

કમિશનર શાળાઓની કચેરી,

૯/૧ ડો જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર

તા / /૨૦૧૯ ૨૬/૧૨/૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા બાબત.

સંદર્ભ: (૧) આ કચેરીના પત્ર ક્રમાંક: ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૧૯૧૮-૫૧ તા. ૧૯/૦૬/૨૦૧૮

(૨) આ કચેરીના પત્ર ક્રમાંક: ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૨૯૮૭-૧૩૦૨૦તા.૨૯/૦૬/૨૦૧૮

(૩) આ કચેરીના પત્ર ક્રમાંક: ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૨૪૮૩-૫૧૬ તા. ૨૨/૦૬/૨૦૧૮

(૪) આ કચેરીના પત્ર ક્રમાંક: ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૩૫૦૧-૩૫ તા. ૦૩/૦૭/૨૦૧૮

(૫) આ કચેરીના પત્ર ક્રમાંક: ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૩૮૧૮-૫૧ તા. ૦૬/૦૭/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા. ૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામા તેમજ વખતો વખત થયેલા સુધારા અન્વયે આચાર્યની ભરતી પ્રક્રિયા અંતર્ગત રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા જાહેરાતમાં સમાવેલ શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિ ના ઇન્ટરવ્યુ માટે ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા. ૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાની જોગવાઇઓ મુજબ જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિની રચના કરવા તથા ઇન્ટરવ્યુની કાર્યવાહી કરવા અંગે સંદર્ભ- ૧ થી ૪ માં જણાવેલ આ કચેરીના તા. પત્રોથી જાણ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યવાહી દરમ્યાન નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તતાઓથી પાલન કરવાનું રહેશે.

નામ. હાઇકોર્ટમાં દાખલ થયેલ SCA NO. 21486/2017, SCA NO. 21868/2018, 338/2018, 9150/2018 દાખલ થયેલ છે તે પૈકી SCA NO. 21486/2017ના તા. ૩૦/૧૧/૨૦૧૭ના આદેશ માં આચાર્યની નિમણૂક ન કરવા અંગેના નિર્દેશ આપેલ છે.

(૧) જિલ્લાકક્ષાએ શાળા પસંદગી સમિતિ દ્વારા ઈન્ટરવ્યુંની કાર્યવાહી કરવા અને પસંદગી ક્રમ નં.૧ થી ૩ ઉમેદવારોની પસંદગીની કાર્યવાહી સીલબંધ કવરમાં જાળવવાની રહેશે. નામ. હાઇકોર્ટના તા. ૩૦/૧૧/૧૭ના આદેશ મુજબ ઇન્ટરવ્યુ બાદ કોઇ પણ સંજોગોમાં ઉમેદવારોને નિમણૂક અંગેની કાર્યવાહી કરવાની નથી તે ધ્યાને લેશો.

(૨) પસંદગી ક્રમ નં.૧ થી ૩ ઉમેદવારોની કોઈ પણ જાહેરાત ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખવા જણાવવામાં આવે છે. જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અને સમિતિના સભ્યોએ આ અંગેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે.

(૩) નામ. હાઇકોર્ટના તા.૩૦/૧૧/૨૦૧૭ના ચુકાદા મુજબ પસંદ થયેલ ઉમેદવારને કોઇપણ સંજોગોમાં નિમણૂક આપવાની નથી. (ચુકાદાની નકલ આ સાથે સામેલ છે.) જો પસંદ થયેલા ઉમેદવારોના નામ જાહેર થશે અથવા તો નિમણૂક આપવામાં આવશે તો નામ. હાઇકોર્ટના અનાદરનો પ્રશ્ન ઉપસ્થિત થશે અને તે અંગેણી સંપૂર્ણ જવાબદારી પસંદગી સમિતિના તમામ સભ્યો તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

(૪) તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ ઉપરોક્ત બાબતની ગંભીરતાથી પસંદગી સમિતિના તમામ સભ્યોને સમજૂથ કરવાના રહેશે.

ઉપરોક્ત વિગતે હાલ અગાઉ જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ શાળા પસંદગી સમિતિ દ્વારા લેવાનાર ઇન્ટરવ્યુની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(જે. ડી. દેસાઇ)
નિયામક,
શાળાઓની કચેરી.
ગુ.રા.,ગાંધીનગર.